બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શાળાઓના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક
કર્મચારીઓની ભરતી તથા ફરનીચરની
ખરીદીને મંજૂરી આપવા બાબત..

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ.
ઠરાવ ક્રમાંક.- બમશ-૧૩૯૮-૩૦૮૨-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૩૦-૧૧-૨૦૦૦.

વંચાણમાં લીધા :-

૧. નાણાં વિભાગના તા. ૯.૯.૯૮ના ઠરાવ ક્રમાંક:- ખરચ-૧૦૯૮-૭૦૪(૫૮)-ઝ.૧.

ઠરાવ :-

ઉપર વંચાણમા લીધેલ નાણાં વિભાગના ઠરાવથી કરકસરની સુચનાઓ અનુદાન મેળવતી શૈક્ષણિક સસ્થાઓને લાગુ પાડવામા આવેલ છે. તે મુજબ રાજયની બિનસરકારી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જગ્યાઓની ભરતી તથા ફરનીચરની ખરીદી ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે. આ પ્રતિબંધને કારણે શૈક્ષણિક કાર્યને અસર થતી હોવાથી રાજયના શાળા સંચાલક મંડળના પ્રતિનિધિઓ તેમજ ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સકલન સમિતિના પ્રતિનિધિઓ ધ્વારા શૈક્ષણિક જગ્યાઓ ભરવા તેમજ ફરનીચરની ખરીદી કરવા દેવા માટે મંજૂરી આપવા માટે અવારનવાર રજુઆત કરવામાં આવતી હતી. આ બાબતમાં પુખ્ત વિચારણાને અંતે બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમા શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક જગ્યાઓ ભરવા તેમજ ફરનીચરની ખરીદી માટે નીચે પ્રમાણે ઠરાવવામા આવે છે :-

(૧) બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને શૈક્ષણિક જગ્યાઓ જે પ્રવર્તમાન ધોરણો મુજબ મળવાપાત્ર થાય છે તેમાંથી ૮૦ ટકા સુધીની ખાલી રહેતી તમામ જગ્યાઓને દરેક શાળાને અલગ એકમ તરીકે

ગણીને ભરવા શિક્ષણ વિભાગ મંજૂરી આપી શકશે. જેમાં પુર્ણકાલીન શિક્ષક અને શિક્ષણ સહાયકના ૧ : ૩ ના રેશીયાનું પ્રમાણ જાળવવાનું રહેશે. આ માટે વિભાગ દરેક શાળાને અલગ એકમ તરીકે ગણી મળવાપાત્ર જગ્યાઓના ૮૦ ટકા જગ્યાઓ ભરી શકાશે. તેમાં જે તે શાળાઓમાં રાજીનામું, નિવૃત્તિ, અવસાન કે કોઈપણ કારણસર ખાલી જગ્યા પડે તો તેને ઉપર જણાવ્યા પ્રમાણેના મહેકમના ૮૦ ટકાની મર્યાદામાં ભરવાની મંજૂરી આપી શકાશે. જગ્યાઓ ભરવા માટેની મંજૂરી આપતી વખતે જે તે શાળાઓમાં જરૂરી તેવા ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી અને સંસ્કૃત વિષયના શિક્ષકની જગ્યાઓ પ્રથમ ભરવાની રહેશે.

(૨) બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વહીવટી કર્મચારી સંવર્ગની વર્ગ-૪ પટાવાળાની જગ્યા ઉપર મળવાપાત્ર જગ્યાઓમાં ૨૦ ટકા કાપ કર્યા પછી બાકી રહેતી ખાલી જગ્યાઓ ઉપર માસિક રૂ. ૧૫૦૦ ના માસિક ફીક્સ માનદ વેતનથી સાથી સહાયકથી ભરવા શિક્ષણ વિભાગ મંજૂરી આપી શકશે.

(૨) બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વિદ્યાર્થીઓના અભ્યાસ માટે અત્યંત જરૂરી એવું ફરનીચર જેવું કે પંખા, ટેબલ, ખુરશી, બ્લેક બોર્ડ, બેન્ચીસ વિગેરે વર્ગ માટે જરૂરી તેવું જે તે શાળાને મળતી નિભાવ ગ્રાંટની રકમની મર્યાદામાં રહીને ખર્ચ કરી શકશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૨૨.૧૧.૨૦૦૦ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

આ હુકમો બહાર પડયાની તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એસ. એસ. પારેખ ),
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રાંત.

– માન. રાજયપાલશ્રીના સચિવશ્રી. રાજભવન. ગાંધીનગર.

–માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી. સચિવાલય. ગાંધીનગર.

–માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી. સચિવાલય. ગાંધીનગર.

–માન. રા.ક.મત્રીશ્રી, શિક્ષણ,ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

– કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન અને શાળાઓના કચેરી, ગુ.રા., ગાંધીનગર

–જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ.

– અકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ– રાજકોટ.

–પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર. અમદાવાદ

–નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ.

–નાણાં વિભાગ. સચિવાલય, ગાંધીનગર.

–રજીસ્ટ્રારશ્રી. મા.શિ.પંચ, અમદાવાદ.

–સબંધિત સરકાર માન્ય સંઘો ( કમિશ્નરશ્રી મારફત)

– ડી.એસ.ઓ. ફાઈલ

–સીલેકટ ફાઇલ.